October 2012




konnect

## From
# Editor's Desk

Ckonnect is our new initiative through which we will help you to choose books you may like to read, tell you about favourite authors and how they write, share anecdotes about books and writers, books reviews, events related to books and literature and much more.....

In the first edition we are sharing the CallLibrary.com story, how and when Yogesh Prajapati founded CallLibrary.com.
2 interesting and pretty similar books came out at the same time, Chetan Bhagat's "What Young India wants" and Jay Vasavda's "Jay Ho", and these both books are in highest demand on CallLibrary.com. Jay Vasavda is a very famous young Gujarati columnist, Author, Speaker and Thinker; he almost enjoys a cult following. And Chetan Bhagat needs no introduction!
"Jay Ho" is collection of essays about how to be happy and successful in life, no matter what the circumstances are. "What Young India wants" is written in 3 sections, it is also a collection of short essays where Chetan attempts to offer solutions to national problems in best of his capacity.

Author in Focus section has Mahesh Yagnik; a very popular Gujarati novelist and short stories writer. Maheshbhai got candid in our talk with him about his writing process, his characters and journey as a novelist.
We want to thank Biren Kothari (Baroda) for numerous suggestions and help in content, but most importantly encouragement.

We hope Ckonnect turns out to be informative, entertaining and engaging!

ckonnect@calllibrary.com

# How we Started

CKonnect's first issue has partly by coincidence, and partly by conscious choice has the people who gave up their well paying, respectable or in some case dream job to pursue their dreams. Jay Vasavada was Principal of an MBA college at an age when many are still confused what to do with life, Chetan Bhagat could have continued to write romantic novels parallel to his day time job as a highly paid banker, but instead chose to give up the job and attempts to fix few problems his motherland has. Both these people have published interesting and helpful books which we have reviewed in current issue. We hope CKonnect will be able to interview these gentlemen exclusively for you someday soon.
An another person who can be kept in this league is Yogesh Prajapati, the founder of our dear CallLibrary.com
Yogesh was born and brought up in Kapadwanj. He always aspired to do something of his own. He finished B.Tech (IT) in 2007 from SVIT, but was not interested in a routine software programming career. After spending few months wondering what to do, he decided to accept a lecturer job in a private engineering college, located in outskirts of Ahmedabad. Due to his hard work and leadership skills he was soon promoted as an HoD of IT department with befitting salary scale. Yogesh had all the reasons to be there and expect to retire as academician.
But destiny had different plans for him. Yogesh was somehow not much excited about his job, and itched to start something of his own. He observed that somehow people in general and youngsters in particular are getting away from reading and the problem lied not only in people not wanting to read but rather in people not getting chance to read what they liked and what they needed.
Yogesh observed people are going away from reading books, due to lack of time, lack of good libraries, and the cost factor. Ironically Yogesh himself is not a great reading enthusiast, he himself had no idea which books are read the most and which are the most popular authors. So he started researching about books, authors and people's reading habits. He discussed this idea with his elder brother Naresh, who also happens to be a reading buff. Naresh encouraged him to pursue this concept and offered insights as a reader.
Yogesh brainstormed a lot about how to address the books renting/sharing process and its logistics. Then it occurred to him that an online web-based library can be started which helps in searching and requesting the desired book at ones door step.
The idea of naming CallLibrary.com was based on a thought that one doesn't have to do phone call to get a book, but they can almost call whole library to their doorstep.
Yogesh started developing a .NET-based site himself parallel to his job at engineering college. He discussed his plans in family and got 100% approval & financial support. Finally Yogesh decided to bid adieu to his teaching job and turned into a full time entrepreneur.
26-June-2009 is the day when CallLibrary.com was formally started, the table was laid and marketing started. "Our first office was in apartment at Vidhyakunj (behind IIM-A) in a modest 300 SQ feet premises with initial 3000 books collection. In the first month we got 47 members. Then memberships started growing with more people joining and referring it to their friends. We gave inserts in newspapers, and did awareness drives in mornings near gardens and even put banners behind rickshaws." says Yogesh about starting. Yogesh had a cabin as an HoD or IT department in an engineering college, his new office was perhaps just little bigger than his cabin, and also untidy. His Friends used to get shocked to see where and how he operates, and most of them felt that he has made a big mistake by giving up college job.



In December of 2010 CallLibrary.com had a stride in corporate and added a good number of members through it. Today calllibrary.com has 3000 subscribers in Ahmedabad, this includes both individual members and corporate. Share and Earn plan was also received well.
In second phase the plan is to reach out to Baroda, Surat, Bhavnagar and Rajkot and in third phase metros like Mumbai, Pune, Banagalore, and Delhi/NCR. Eventually CallLibrary.com will evolve as a platform (both B2C and B2B) for gifts, loyalty programs and value added services for corporate.



# Author in Focus

## મહેશ યાજ્ઞિક : જકડી રાખતી વાર્તાઓના સરળ લેખક




મહેશ યાજ્ઞિકની નવલકથા અને ટૂંકી વાર્તાઓના એક ચુંબક જેવું તત્ત્વ હોય, ચમત્કૃતિ હોય, અણધાર્યા વળાંકો હોય, પાત્રો એટલા તો વાસ્તવિક લાગે કે જાણે આપણી આસપાસમાંથી પકડીને પાનાઓમાં પૂરી દીધા હોય. પાને પાને હૃદયના ધબકારા વધી જાય એવા ચડાવ ઉતર આવે, આગળ શું થશે એવી ઈન્તેજારી પીંછો ના છોડે, કોઈને કોઈ પાત્ર સાથે વાચકોને લાગણીનો સંબંધ બંધાઈ જાય...

Calllibrary.com પર મહેશભાઈની નવલકથાઓ અને વાર્તાસંગ્રહ ખૂબ વંચાય છે, તમામ ઉંમરના વાચકો મહેશભાઈને વાંચવાનું પસંદ કરે છે. આ બધાને લીધે CKonnect ના પ્રથમ અંકમાં મહેશભાઈની મુલાકાત સ્વાભાવિક પસંદગી બની રહી.




તેમને મળીને તેમની અંતરંગ વાતો, સર્જન પ્રક્રિયા, શોખ વગેરે જાણવાનું અને આપ સૌની સાથે વહેંચવાનું નકી કર્યું. ધાર્યા પ્રમાણે સરળતાથી મુલાકાત ગોઠવાઈ ગઈ. ૧૯ સપ્ટેમ્બરના રોજ તેમના નવરંગપુરા સ્થિત ઘરે સવારની મુલાકાત ગોઠવાઈ. હું સમયસર તેમના ઘરે પહોંચ્યો ત્યારે ગણેશ ચતુર્થીની રજા હોઈ મહેશભાઈ પ્રસન્ન મુદ્રામાં હતા. તેમના પત્ની ઈન્દીરાબેન અને બીજા નંબરની પુત્રી રાધિકા પણ હાજર હતા. પુરા પરિવાર સાથે વાત થવાથી મહેશભાઈ એક લેખકની સાથે એક વ્યક્તિ તરીકે કેવા છે એ જાણવા મળ્યું. શરૂઆતમાં થોડી ઔપચારિક વાતો, પરિચય વગેરે થયું. પણ પ્રશંસક-લેખક તરીકે શરૂ થયેલો સંવાદ થોડી જ મીનીટોમાં સ્વજનો મળતા હોય તેવો હૂંફાળો બની ગયો. મહેશભાઈએ ઉત્સાહભેર અને ખુલ્લા મને ઘણી વાતો કરી. તેમની પુત્રીના ચહેરા પર ''પપ્પાને મળવા આ કોણ આવ્યું છેકક એવું થોડુંક કૂતુહલ હતું. તો ઈન્દીરાબેનના ચહેરા પર મહેશભાઈ માટે ગૌરવ અને સંતોષની લાગણી છલકતી જોવા મળી.



મહેશભાઈનો જન્મ ૧૯૫૩ માં ધંધુકા તાલુકાના ગાંફ ગામમાં થયો. પિતાજી બોટાદ કૉલેજમાં પ્રાકૃત અને હિન્દીના પ્રાધ્યાપક એટલે ઘરમાં સ્વાભાવિક જ લેખન વાંચનનું વાતાવરણ હતું. પિતાજી ગાંધીવાદી હતા અને આજીવન ખાદી પહેરી. ગામમાં વીજળીની સુવિધા નહીં પણ વાંચવાના શોખીનને આવું બધું નડે? નાનકડા ગામની લાઈબ્રેરીમાં મળે એટલા પુસ્તકો વાંચી નાંખે, ક્યારેક તો દિવસના બબ્બે પુસ્તકો વાંચી કાઢે. વાંચવાની આ ટેવને લીધે ઘણા ફાયદા થાય. એક તો વાંચવાની અસાધારણ ઝડપ વિકસી, મગજ ફક્ત છાપેલા અક્ષર યાદ રાખે એટલે અક્ષર પણ સુધાર્યા અને ખાસ તો ભવિષ્યમાં લખનારી નવલકથાઓ માટેનો કાચો માલ અને શૈલી પણ અનાયાસે અને આડપેદાશ રૂપે મળ્યા. કૉલેજકાળ દરમ્યાન એલિસ્ટર મેકલીન અને જેમ્સ હેડલી ચેસની મળી એટલી નવલકથાઓ વાંચી કાઢી. મહેશભાઈ નિખાલસતાથી સ્વીકારે છે કે આ બે લેખકોની તેમની ઉપર ખૂબ અસર છે.



નવનિર્માણ વખતે મહેશભાઈએ ૫ દિવસના ઉપવાસ કરીને સત્યાગ્રહ કરેલો. તે વખતે તેઓ ધંધુકા કૉલેજમાં કોમર્સનો અભ્યાસ કરતા હતા, પ્રિન્સીપાલ હતા પીરઝાદા સાહેબ. પીરઝાદા સાહેબે તત્કાલીન મુખ્તમંત્રી ચીમનભાઈ પટેલને ભ્રષ્ટાચાર માટે થઈને રોકડું પરખાવી દીધું હતું. ''મુખ્યમંત્રીશ્રી તમે ખુદ ભ્રષ્ટાચાર બંધ કરો પછી અન્યોને સલાહ આપો." આવા વાતાવરણમાં યુવાનો પાછા પડે? તે સમયે ધંધુકામાં ૫ કપાસની જીનીંગ મિલ હતી. કપાસ હાથથી ફોલાય, મોટા ચોગાનમાં કામચલાઉ તંબુ જેવું બાંધીને આખે આખા પરિવારો વહેલી સવારથી સાંજ સુધી કપાસ ફોલો. પુરા ૨૦ કિલો કપાસ ફોલો ત્યારે માંડ ૧ રૂપિયો મળે. આ કામમાં નાના છોકરાથી લઈને વૃદ્ધો સુધી બધા જોડાય, આંગળીઓ પર લોહીના ટશર ફૂટે એટલું બધું કામ કરવું પડે ત્યારે માંડ પેટ પૂરતું ખાવાનું મળે અને આ કામ પણ વર્ષના ૩ મહિના સીઝન પૂરતું જ મળે. આવા શોષણથી વ્યથિત મહેશભાઈએ ૧૦૦ વિદ્યાર્થીઓના ટોળાની આગેવાની લઈને જીનીંગ મિલમાં રજૂઆત કરી અને ૨૦ કિલોના રૂ.૧ ને બદલે રૂ.૩ નો ભાવ માંગ્યો. જીનીંગ મિલોએ ઘસીને ના પાડી દીધી, સામે મહેશભાઈ અને ૨ મિત્રો પિયુષ આણંદજીવાલા અને ઉપેન્દ્ર અધ્વર્યુ ધંધુકામાં ભરબજારે આમરણાંત ઉપવાસ ઉપર ઉતર્યા. નવનિર્માણના વિદ્યાર્થી નેતાઓ મનીષી જાની અને શૈલેશ શાહનો પણ તેમને ટેકો હતો. આ વાત ફેલાતા ૧૫૦૦ જેટલા કાલા ફોલનાર પરિવારો પણ તેમનું કામ છોડી આ સત્યાગ્રહમાં આ ત્રણ યુવાનોની સાથે આવીને બેઠા. લોકચાહના એવી જબરજસ્ત કે ૮૦ વર્ષના માજી પણ આવીને આ ઉપવાસી યુવાનોને પગે લાગે. આમ કરતા ૫ દિવસના ઉપવાસ થયા, વાતાવરણ તંગ હતુ અને કામ બંધ હતું. છેવટે જીનીંગવાળા નમ્યાને ૨૦ કિલોએ રૂ.૩ તો નહિ પણ રૂ.૨ નો ભાવ કરી આપ્યો. પીરઝાદા સાહેબ આજે પણ હયાત છે એ લોકજાગૃતિ ટ્રસ્ટમાં છે. પિયુષ આણંદજીવાલા અને ઉપેન્દ્ર અધ્વર્યું પણ અમદાવાદમાં સ્થાઈ થયા છે. વખત જતા નવનિર્માણ આંદોલન સમેટાયું અને મહેશભાઈએ ભણવામાં ધ્યાન પરોવ્યું. (આ આખી ઘટનાનો ઉલ્લેખ માધવ રામાનુજના પુસ્તક સૂર્યપુરૂષમાં છે)





૧૯૭૪ ની સાલમાં મહેશભાઈ બી.કોમ. થયા, આંકડાશાસ્ત્ર વિષયમાં ગુજરાત યુનિવર્સિટીમાં પ્રથમ-૫ માં આવ્યા. એ જ દરમ્યાન, બી.કોમ.ના પ્રથમ વર્ષમાં આપેલી LIC ની પરીક્ષામાં ઉત્તીર્ણ થયા હોઈ LIC માં પોસ્ટીંગ મળી ગયું અને ૧૯૭૪ ની સાલથી તેઓ LIC ના કર્મચારી બન્યા.

તેમને શરૂઆતમાં તો કવિતા અને ગઝલ લખવાનો શોખ હતો. નવનીત સમર્પણ, કવિતાલોક વગેરેમાં તેમની કવિતા છપાતી. (સ્વ) સુરેશ દલાલનના કવિતામાં તો તેમના ખુદના અક્ષરમાં જ કવિતા પ્રગટ થાય (એ જમાનામાં જો લેખકના અક્ષર સારા હોય તો તેનું બીબું સીધું જ બનતું),





આત્મસંતોષ ઘણો મળે પણ દામ અને નામ બંને ખાસ ના મળે. આમ કરતા ૧૯૭૮ માં પ્રથમ વાર્તા ''પ્રશ્ને'' ચાંદની મેગેઝીનમાં લખી. ત્યારપછી જુદા જુદા સામાયિકોમાં વાર્તા પ્રગટ થવાનું ચાલુ થયું. પ્રથમ નવલકથા ૧૯૯૫ માં આવી ચિત્રલેખામાં ''ખેલંદો", જે પુરા ૫૭ હપ્તા ચાલી. ચિત્રલેખાના ઈતિહાસમાં પ્રથમ વાર હરકિસન મહેતા સિવાયના કોઈ લેખકની વાર્તા આટલી લાંબી ચાલી હતી. બહોળા વાંચન અને લખતા લખતા સ્વાનુભવે સમજાયું કે મોટા ભાગના વાચકોને ચમત્કૃતિ પ્રકારની કથા-વાર્તા ગમે. તેમની સર્જન પ્રક્રિયા અને લખવાની પદ્ધતિ વિષે જાણીએ તો તાજ્જુબ થઈ જવાય અને તેમના તરફના આદરમાં વધારો થાય.




મહેશભાઈની દરેક નવલકથાની પ્રસ્તાવનામાં તેમની લખવાની પદ્ધતિ અને આદતો વિષે તો ઉલ્લેખ થયેલો જ છે કે તેઓ રાત્રે ૧૧-૦૦ પછી જ લખે છે, એકી બેઠકે નવલકથાનો હપ્તો કે ટૂંકી વાર્તા પૂરી કરે છે વગેરે... પણ જ્યારે તેમને જણાવ્યું કે ''નવલકથા શરૂ કરતી વખતે માંડ એક આછો પાતળો પ્લોટ દિમાગમાં હોય, પછી તો હપ્તા લખાતા જાય અને વાચકોના પ્રતિભાવ પ્રમાણે વાત આગળ ચાલે. શું અંત આવશે એ ક્યારે પણ શરૂઆતમાં નકી ના હોય!" આ સાંભળીને લગભગ ચકર આવી જાય, કારણ કે ડઝનો હપ્તા અને ઢગલા પત્રોથી રચાતી નવલકથા લખવાની અનેક ટેકનીકમાંની એક ટેકનીક અંતને ધ્યાનમાં રાખીને આગળ વધવાની છે. પશ્ચિમમાં તો નવલકથાકાર વાર્તા આગળ કેવી રીતે વધારવી અને કેવો અંત આપવો એના માટે ખાસ સલાહકારો નીમે છે - ફિલ્મોમાં સ્ક્રીપ્ટ કન્સલ્ટન્ટ હોય છે. એમ વળી, જે તે હપ્તો લખતી વખતે, આવતો હપ્તો પણ કેવો હશે, શું અંત આવશે એવું કશું નકી ના હોય, બસ અંતર્સ્ફુરણા થાય, કલમ ચાલે ને રોચક સર્જન થયા કરે. A૪ સાઈઝના તદ્દન કોરા કાગળમાં હાથેથી એક ખાસ પ્રકારની ફાઉન્ટન પેનથી જ લખવાનું, સીધું ફેરવર્ક જ કરવાનું, લખ્યા બાદ સુધારવાનું એવું બધું નહીં.




લંબાઈની પણ પૂરેપૂરી ગણતરી હોય. અખબાર માટે ૧૧ થી ૧૪ પાના થાય અને ૩ કલાક જેવું લાગે, જ્યારે મેગેઝીન માટે ૨૦-૨૨ પાના થાય અને ૬ કલાક લાગે.



કથાબીજ અને પાત્રો વિષે (બીબાઢાળ પ્રશ્ન હોવા છતાં) પૂછતા તરત જ તેઓ બોલ્યા ''જો ભાઈ ૫૯ ની ઉંમર થઈ એટલે સ્વાભાવિક અનેક પ્રકારના લોકો મળ્યા હોય, ઘણા સારા-મીઠા અનુભવો થયો હોય. એ બધું મગજમાં સંઘરાયેલું હોય, એમાંથી જ નીપજે." ખેલંદોના હર્ષદથી માંડીને વંશવારસના વિશ્વંભર સુધી દરેક નવલમાં એક અત્યંત ચાલાક અને ખેલાડી પાત્ર (મોટે ભાગે નયાક) તો હોય જ, એટલે એક સ્વાભાવિક જીજ્ઞાસા એવી હતી કે આવા કોઈ વ્યક્તિ ખરેખર અસ્તિત્વ ધરાવે છે? પણ આ સૌ સંપૂર્ણપણે કાલ્પનિક પાત્રો છે. વાર્તાઓમાં ગુંડા, માફિયા, ત્રાસવાદી, બહુરૂપી વગેરે આવે પણ ક્યાંય અજુગતા વર્ણનો, બિનજરૂરી શ્રુંગાર રસ કે ગાળાગાળી ન આવે. આ પણ કદાચ તેમની લોકપ્રિયતાનું એક કારણ હોઈ શકે. જુદી જુદી જગ્યાઓ અને શહેરોમાં જ્યારે જવાનું થાય ત્યારે વિગતવાર અવલોકન કરી રાખ્યું હોય, જેનો ભરપૂર ઉપયોગ વાર્તામાં વાસ્તવિકતા ઉમેરવા માટે કામ લાગે.




મહેશભાઈની LIC માં પૂર્ણ સમયની નોકરી છે. તેઓ બને ત્યાં સુધી લો પ્રોફાઈલ રહેવાનું પસંદ કરે છે. આજ સુધી તેમને નોકરીને લીધે લખવામાં અડચણ કે વિરોધનો સામનો નથી કરવો પડ્યો કે નથી લેખક તરીકેના સંપર્કોનો કે પ્રસિદ્ધિનો તેમણે કામ ટાળવામાં કે અન્ય ફાયદા માટે દુરુપયોગ કર્યો. હાલમાં તેઓ ૮૦૦ થી વધુ સભ્યો ધરાવતા LIC કર્મચારી મંડળના જનરલ સેક્રેટરી છે.

મહેશભાઈને (બ્રાહ્મણ સહજ) ખાવાનો શોખ હશે એવી ખાતરી હતી. વંશવારસના પાત્રોને એટલી બધી વાર નાસ્તો કરાયો છે કે તમામનું વજન ૫-૭ કિલો વધી જાય. મહેશભાઈને ખાવા-પીવાના શોખ વિષે પૂછતા જ તેમના પત્ની ઈન્દીરાબેન બોલી ઉઠ્યા ''ખરોને! એમાંય લાડુ, સુખડી, મોહનથાળ, શીરો એવું બધું ખૂબ ભાવેકક અને સૌ હસી પડ્યા... ''મને આ ઉંમરે પણ ડાયાબીટીસ કે બીજો કોઈ રોગ નથી. હું ચાલવા જાવાનું કે યોગ વગેરે પણ નથી કરતો, સ્વસ્થ છું અને મોજથી ખાઉપીવું છું" મહેશભાઈએ સસ્મિત ઉમેર્યું. આ ઉપરાંત વાંચવાના શોખ તો ખરો જ ! મહેશભાઈનો પોતે બંગાળી લેખક જરાસંઘ, શંકર, મનોજ બસુના ચાહક છે. ગુજરાતીમાં તેમણે મેઘાણી, ધ્રુવ ભટ્ટ, હરકિસન મહેતા અને અશ્વિની ભટ્ટ પસંદ છે.

બધી જ નવલકથાઓને ઘણી સફળતા મળી છે અને વાચકોનો પુષ્કળ પ્રેમ મળ્યા કરે છે. ઘરે જમવાના આમંત્રણ અને અવારનવાર ભેટ વગેરે પણ આવતી રહે છે. સગાવ્હાલા અને ક્યારેક ચાહકો પણ ''ફલાણું પુસ્તક વાંચવું છે, પણ મળતું નથી. વાંચ્યા વિના રહેવાશે નહિ..." એવું બધું કહીને લઈ જાય છે, એય તે પાછું આવે કે ના આવે, લોકો વાંચે છે એ વાતનો મહેશભાઈઆને આનંદ છે, ભલેને ના ખરીદે.


રેશમડંખ પરથી હિન્દીમાં ખાનગી ચેનલ પર રાષ્ટ્રીયસ્તરે ધારાવાહિક બની હતી, પણ કૈક કટુ અનુભવ થયો હોઈ મહેશભાઈ તેના વિષે વાત કરવાનું ટાળે છે. તેમનો ડ્રીમ પ્રોજેક્ટ એક મોટા પાયે બનનારી અને નીવડેલા કલાકારો હોય તેવી ફિલ્મ માટે સ્ક્રીપ્ટ લખવાનો છે. આશા રાખીએ કે તેમનું આ સપનું જલ્દી સાકાર થાય.

Calllibrary.com થી મહેશભાઈ પ્રભાવિત છે. તેમના મતે આ વાચકો અને લેખકો માટે ખૂબ ઉપયોગી સાઈટ છે. નીચે આપેલી લીંક ઉપર તેમનો વિડીયો જોઈ શકાશે.

http://youtu.be/bgSe0h21GM8

(નોંધ: ૫૦ અને ૫૧ વાર્તાઓના ૨ સંગ્રહ ટૂંક સમયમાં રન્નાદે પ્રગટ કરશે)

---રોશન રાવલ










## Top - Five

### New Arrival





1









2 3 4 5

### Recommendation





1










2 3 4 5

### Rental





1

2 3 4 5

ckonnect@calllibrary.com




## Book Byte

### Be Seincere, not Serious!

What would an IIT-D and IIM-A alumnus, who has worked with MNC Bank in Honkong and travelled a lot in South East Asia being consultant to the respective cabinet ministries for attracting FDI and improving their ratings, advise to Indian youngsters? stay focused, work very hard, there is no second position; only first, sacrifice everything for your career, career and not relationship matters.......well none of these. Chetan instead writes "bunk a few classes, goof up a few interviews, fall in love. We are people, not programmed devices" in a chapter called *Sparks* in his first non-fiction stride "What Young India Wants". This essay *Sparks* is originally a lecture he delivered to Symbiosis students in 2008, which eventually, due to its candid appeal, went viral on social media and email forwards, turning Chetan Bhagat in to a speaker and thought leader, from a mere easy-to-read novelist.


*Sparks* is a sort of the core or the essence of the book where Chetan really opens himself up and offers bold and (to an extent) contrarian views about career, education, and life. This chapter entails what he means by Spark (excitement), what one is without a Spark, what's the importance of Spark and how to preserve these Sparks. However Chetan doesn't advise being happy go lucky or changing priorities in life, but instead suggests to strive daily to be better then the current level, and even more important point "Your striving is only worth it if there is harmony in your life". Harmony or balance in life is a point missed in today's life where a degree from a certain college, a thick salary package, or driving around in a fancy car is considered to be a sign of success. Chetan emphasis on 3 things in life "reasonable goals, balanced life, and not taking things too seriously". The zenith of this book is when Chetan writes "Love yourself first, and then others" what a fresh thought!!! By this he probably means that you cannot love any other if you don't even love yourself........

Chetan has an exceptional ability to explain ideas and express fervor in a simple language using few and simple words, which even a novice English reader, can understand, The way he has been able to engage the readers and emote in *5 point someone* and *2 State of My Marriage,* without running into long and complicated narratives, is impressive! And he leverages this acumen in "What Young India Wants". This collection of essays which published in various newspapers in English and Hidi is divided in 4 sections "1 Our Society", "2 Politics", "3 Our Youth", and "2 Stories". It has total 181 pages and published in a light weigth paper back format with easy to read fonts makes it easy to carry. The modest prize of Rs. 140/- also makes it affordable to buy for masses, and can be expected to be a popular gift item. This book certainly should be widely read as Chetan shares bold, and deflating views about Indian Society, Educational System, Indian Mindset, Politics and lot of other things. Couple of interesting chapters are "Getting Realistic about Real Estate" where he offers interesting perspective of how to unlock the land value in Delhi. An another chapter "My Stupid Suicide Plan" narrates how a stray dog helped him to change his outlook towards life and stopped him from committing a suicide (hope this can stop many suicides). There are also 2 stories in the end "of Ducks and Crocodiles" and "Cut off".

Its easier said then done, and Chetan know it, he is also aware of his limitations. So he very earnestly concludes this book by a chapter "Great Indian Dream", where he urges all the readers to be active and concerned about present day India and try to make it a better place.

## Top - Five


### New Arrival


1



2


3



4


5


### Recommendation


1


2



3


4


5


### Rental


1



2


3


4


5

ckonnect@calllibrary.com




## Book Byte

### જય હો : જીવનમાં આશાની જ્યોત ડગમગે ત્યારે હિંમતનું તેલ પૂરતું પુસ્તક

પ્રેરણાત્મક પુસ્તકો અને પ્રવચનો, ભણતર, આધ્યાત્મિકતા, કુટુંબ અને સમાજ વ્યક્તિના વિકાસ અને ઘડતરમાં અગત્યનો ભાગ ભજવી શકે. પણ ‘‘everything is possible’’ કે નેપોલિયનના શબ્દકોશમાં ‘‘અશક્ય’’ જેવું કંઈ હતું જ નહિ એવા ગેરમાર્ગે દોરનારા પ્રેરણાના પડીકા. ભણતરના નામે નરી ગોખણપટ્ટી અને કુટુંબ અને સમાજની અનંત (અને ગેરવ્યાજબી) અપેક્ષાએ. દરેકને, ખાસ કરીને યુવાનોને ગૂંચવણમાં નાંખી દે છે. જય વસાવડાનું પુસ્તક ‘‘જય હો!’’ આવામાં એક દીવાદાંડીનું કામ કરી શકે એમ છે.

જય વસાવડાનું નામ ગુજરાતી વાચકોથી અજાણ્યું નથી. જય અખબાર અને સામાયિકોમાં છેલ્લા પંદર વર્ષ ઉપરથી કટાર લેખન કરે છે. આ ઉપરાંત તે વક્તા, કાર્યક્રમના સંચાલક અને મોટી ખાનગી સંસ્થાઓમાં તાલીમ આપવા જેવી પ્રવૃત્તિઓ માટે પણ જાણીતા છે. જયના પ્રશંસકોમાં યુવાનોની સંખ્યા ઘણી મોટી છે. યુવાનોને જયના વિચારોમાં પોતીકાપણાનો અનુભવ થાય છે અને લખાણોમાં ક્યાંક પોતાની જ લાગણીઓનો પડઘો સંભળાય છે. જાણકારી અને રસના વિષયોના બહોળા વ્યાપને લીધે જયનો દૃષ્ટિકોણ ગ્લોબલ (global perspective for a local problem) છે એમ કહી શકાય. તેઓ અનેકવિધ બાબતો પર બારીકીથી લખી શકે છે અને સમસ્યાઓ માટે મૌલિક ઉકેલ સૂચવી શકે છે. જયે જર્મની, દુબઈ અને થાઈલેન્ડ જેવા દેશોના પ્રવાસ વિશેષ નિમંત્રણથી ખેડ્યા છે.

આવા લેખક લઈને આવ્યા છે ‘‘જય હો!’’ ખુદના જ પબ્લીકેશન ‘‘રીમઝીમ’’ દ્વારા રજૂ થયેલું આ પુસ્તક હાલમાં વેચાણ અને વાંચનમાં ટોચ પર છે. Calllibrary.com પર પણ સૌથી વધુ વેઈટિંગ લીસ્ટ ધરાવે છે. ‘‘જય હો!’’ માના લેખો તેમના ચૂંટેલા કટારલેખોનું સંકલન છે, માટે જયને નિયમિત વાંચનારને આ પુસ્તક ફ્લેશબેક લાગે તો નવાઈ નહીં. આ પુસ્તકમાં ૩ વિભાગમાં વહેંચાયેલો છું, ‘‘૧. સાહસ અને શૌર્ય’’, ‘‘૨. તક અને તૈયારી’’ અને ‘‘૩. જીગર અને ઝીંદગી’’. ત્રણે વિભાગમાં થઈને કુલ ૫૦ લેખો થાય છે. આ ૫૦ પૈકી ૨ લેખો (ચેતન ભગત અને સ્ટીવ જોબ્સના) અન્ય સ્ત્રોતમાંથી લેવામાં આવ્યા છે. યોગાનુયોગે ચેતન ભગતની ‘‘What Young India Wants?કક પણ ‘‘જય હો!’’ ની સાથે પ્રગટ થઈ છે. (આજ અંકમાં ‘‘What Young India Wants?’’ ની સમીક્ષા પણ લખી છે, અલબત્ત અંગ્રેજીમાં) આ બંને પુસ્તકોમાં યુવાનોને લગતા લેખો હોવાથી એમ લાગે કે આ બંને પુસ્તકોમાં અમુક વિષયોની સમાનતા છે.

‘‘જય હો!’’ ની શૈલી ગંભીર છતાં ભારેખમ નહિ, સચોટ છતાં સરળ, લોકભોગ્ય પણ આછકલી નહિ એવી હૃદય સોંસરવી ઉતરી જાય એવી છે. શહેરી યુવાનો અંદર અંદર વાત કરતા હોય એવી ગુજરાતી, અંગ્રેજી અને હિન્દીના મિશ્રણવાળી ભાષા સાથે રમુજી ટુચકા, શાયરી, ક્વોટ્સ અને SMS. આ સઘળા તત્ત્વો ભેગા થઈને એક નવું જ પોત વણે છે.

૧૦/૧૨ માં સારા ટકા આવે એવી તૈયારી કેવી રીતે કરવી. સારા ટકા આવે તો ફક્ત ‘‘શેમાં વધારે પૈસા મળશે’’ કે ‘‘આજકાલ કઈ કરિયર ફેશનમાં છે’’ એવી રીતે નિર્ણય લેવાના બદલે પોતાના રસ રૂચિ પ્રમાણે કેવી રીતે યોગ્ય કારકિર્દી પસંદ કરવી. ધાર્યા ટકા ના આવે કે પરીક્ષામાં ફેલ થવાય તો નાસીપાસ થવા વિના કેવી રીતે ટકી રહેવું અને એથી પણ આગળ સફળ અને સમૃદ્ધ જીવન માટે હિંમત, ધીરજ, પૂરતી તૈયારી, નકારાત્મક પણ નહિ અને તરંગી પણ નહિ એવો વાસ્તવવાદી દૃષ્ટિકોણ કેવી રીતે કેળવવો. આ સૌ માટે દુનિયા આખામાંથી ભેગી કરેલી માહિતી અને દૃષ્ટાંતોનો સમન્વય સ્વ-અનુભવ સાથે કરીને જે ઉપયોગી અર્ક બન્યો છે એ ‘‘જય હો!’’ ના પાને પાને વહેંચાયો છે.

હાર્ડબાઉન્ડ કવરમાં સુઘડ અને વાંચવામાં સરળ પડે એવા ફોન્ટમાં છપાયેલું ‘‘જય હો!’’ કુલ ૨૨૬+૧૪=૨૪૦ પાનાનું છે. જેકેટ કવર પરથી રંગીન લાગતું પુસ્તક અંદરથી સંપૂર્ણ બ્લેક એન્ડ વ્હાઈટ છે જે નિરાશાજનક છે. આ પુસ્તકને થોડાક કલર ફોટોગ્રાફ્સ અથવા જોરદાર કલર ગ્રાફિક્સ આ પુસ્તકને વધુ પ્રભાવશાળી બનાવી શક્યા હોત. આ પુસ્તક આંતરરાષ્ટ્રીય ગુણવત્તાનું કે તેને પણ ટપી જવાનો (?!) દાવો કરે છે પણ ગ્રાફિક ડિઝાઈન કે ડીટીપીનો કોઈ શિખાઉ બનાવે એવું કવર પુસ્તકના કલેવરને ઝાંખું પડે છે. આટલું ઓછું હોય એમ ઠેરઠેર દેખાતી જોડણીની સામાન્ય ભૂલો આંખને ખૂંચે છે. ખરેખર તો પુસ્તકનું તત્ત્વ અને સત્ત્વ એવું છે કે તેને માટે આવા કશા દાવાની જરૂર નથી, તેમ છતાં તેના પ્રચારમાં આ બાબત હાઈલાઈટ કરવામાં આવી રહી છે. આ દાવાને સાચો માની લઈએ તો પછી આંતરરાષ્ટ્રીય ગુણવત્તાની વ્યાખ્યા નવેસરથી કરવી પડશે !

નિષ્ફળતાને લીધે નિરાશ તેમજ હતાશ થઈ ગયેલા અને આત્મહત્યા કરવાની હદ પહોંચી ગયેલા, યોગ્ય માર્ગદર્શન વિના ગૂંચવાઈ ગયેલા કે જીવનની અનેક સમસ્યાઓને લીધે નાસીપાસ થયેલા સમાજના તમામ વર્ગના લોકોનો ‘‘જય હો!’’ મદદરૂપ થઈ શકે એમ છે.

**"હું કંઈ પણ કરી શકું" એ આત્મશ્રદ્ધા નથી...**
**પણ**
**"હું પણ કંઈક કરી શકું છું" એ આત્મશ્રદ્ધા છે!**

## Reader's Voice

Good Concept & Collection

Nice concept with vast collection of books in different language - actually i dint like to read books earlier -but after getting subscribed to Call Library - my perception has changed totally and i am now reading books regularly - good work and keep it up!!!!!

By Rohan Barot

Excellent idea.

Excellent, Superb. My kids, love to read books. Whenever their birthday came they wanted new books as birthday gift. As now we are member of call library they both daughter-10years old and son-15year old, are enjoying reading. Call library has excellent service. The library at your door. This is amazing idea. Congratulations. Keep it up.

By Aarti Patel

Grate work

I have started reading books since past few months, The problem was the investment in books, I cannot afford costly books, when i shared this problem with one of my friend, he suggested me to use services of calllibrary; and I am glad to see this facility and i am looking fwd to see more from calllibrary in terms of facilities, plans, schemes and so on. Congratulations to all of you, who acts differently and thinks different.

By Ankit

The knowledge treasure hunt ends here!!

Wow, excellent, superb...these all words would sound too small for this service. When I first heard of this service, i was really amazed. It is really very innovative and rather very helpful to everybody in this age of information technology. With this service, you actually save lot of time in comparison to browsing for a book either in libraries or a book store. And you have ample categories in front of you to search for your favorite book..Gifting a membership is a very unique idea where the person receiving the gift is free to read of book of his choice. I simply love this service..


By Shweta

Contribute to ckonnect

get exiting prizes

+ Book Review
+ Testimonials
+ Your Story

ckonnect@calllibrary.com





## Reader's Contribution

### A perfect dose for weekend Gals :)

This book is completely dedicated to all girls and their issues towards life. Kamini has chosen a very beautiful concept for her first book. I really enjoyed reading this book. Each and every character was beautifully defined. We can relate through the ups and downs of life. Every Girl needs some close pals to share their feelings and problems. I liked all the bunch of girls together, especially Neha, who was childish, immature we can totally relate with this character. I myself dream for a true lover. I really enjoyed reading the Girls party out in Goa with full of Booze and Entertainment. It really feels great when you have close pals by your side when you are depressed and lonely. They are there to protect you and advice you what is right and wrong. My personal favorite chapter was "Life is full of Surprises" I totally agree with this chapter life gives you full of surprises you are unaware of all the circumstances. Above all the climax was perfect. Great Job Kamini. Amazing book. 3.5 Stars out of 5. Happy Reading :)

By Avani Rao



### Very Nice Book...

A Real good book..With Different layers of Human Nature Exposed in the light of various situations of Life.. It covers the Balancing fact the USA is one of the most powerful country of the world...the $ has its own purchasing power...but when ppl fly behind the $ at USA from India...they actually end-up in a lonely life..and no matter how many $ u earn..u can never fill up that loneliness of life with $... Family of those who go to USA in search of dram life suffers a lot in India.. How power of $ of USA takes away all happiness of Indian family is described with such a smooth in believable format that you can very easily relate to story in book to your family also if you have some of ur near ones in USA... A Real gr8 book which describes the layers of Relation between Saas-Bahu, Bhabhi-Nanand, Bhai-Bahi, Bahu-Sasur...when exposed to power of $ world of USA... Must Read to understand that each and every country & Relation in the World has its own Advantages & Limits..so stop comparing ur self, ur relations, ur life with that of others & be Happy under the skin in which you live...

By Kaushal